ક્રમાંક–૨૦

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**મંગળવાર, તા. ૨૧મી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૨૧મી માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૨, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ–૮, ૧૦, ૧૧, ૧૩ અને ૧૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૨૧થી ૧૨૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦–૦૦ કલાકે પૂરો થયો.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

**પોરબંદરના દરિયામાંની ડોલ્ફિન અને શાર્ક માછલીઓને બચાવવા અંગે**

સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ નિયમ–૧૧૬ અન્વયે '' પોરબંદરના દરિયામાં ડોલ્ફિન અને શાર્ક માછલીઓના શિકારની ઘટના સામે આવતા વન્યજીવ પ્રેમીઓમાં રોષની લાગણી વ્યાપી છે તેને દૂર કરવા માટે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૩ તથા જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૪ તથા વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૪ રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી તથા વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨, માગણી ક્રમાંક–૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦ અને ૨૨, માગણી ક્રમાંક–૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ અને ૨૪ અને માગણી ક્રમાંક–૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫, ૨૭ અને ૨૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી
(૩) શ્રી ઉદય કાનગડ

**વિરામ સવારના ૧૧–૦૦થી ૧૧–૩૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી ભરતભાઇ પટેલ
(૫) શ્રી પી.સી. બરંડા
(૬) શ્રી રમેશભાઇ કટારા
(૭) શ્રી કેયુર રોકડિયા
(૮) શ્રી હાર્દિક પટેલ
(૯) ડો. સી.જે. ચાવડા (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૧૦) શ્રી કરશનભાઇ સોલંકી
(૧૧) શ્રી અલ્પેશ ઠાકોર
(૧૨) શ્રી પ્રવિણકુમાર માળી
(૧૩) શ્રી અક્ષયકુમાર પટેલ
(૧૪) શ્રી ઉમેશભાઇ મકવાણા

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી તથા વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપવાનો શરૂ કર્યો. (પ્રવચન અધૂરું)

૪. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડો. સી.જે.ચાવડાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૧–૨૩)

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી તથા વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીએ પૂર્ણ કર્યો.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭ અને ૨૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૪૨, ૪૩, ૪૪ અને ૭૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, ૨૩મી, માર્ચ ૨૦૨૩ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧–૪૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૧મી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.